# સરદાર પટેલ યુનિવર્સિટી
## કાર્યનોંધ

વિવિધ વિદ્યાશાખાઓ અંતર્ગત આવતી બોર્ડ ઓફ સ્ટડીઝના સભ્યશ્રીઓ સાથે યુનિવર્સિટી સ્ટેચ્યૂટ-૮૦ તથા ૮૧ અંતર્ગત બોર્ડ ઓફ સ્ટડીઝની કામગીરી બાબતે ચર્ચા વિચારણા કરવા માટે માનનીય કુલપતિશ્રીની અધ્યક્ષતામાં વિવિધ વિદ્યાશાખાઓની ખાસ સભા અનુક્રમે **તારીખ:૧૯/૧૦/૨૦૨૦, તારીખ:૨૦/૧૦/૨૦૨૦ અને તારીખ:૨૧/૧૦/૨૦૨૦ના રોજ સવારે ૧૧.૦૦ કલાકે** યુનિવર્સિટી કાર્યાલય પાછળ આવેલ જ્ઞાનોદય પરીક્ષા ભવનના સેનેટ ખંડમાં મળી હતી.

સભાની શરૂઆતમાં કુલપતિશ્રીએ સર્વે સભ્યશ્રીઓને આવકાર્યા હતા તેમજ યુનિવર્સિટીની પરીક્ષાઓ નિર્વિઘ્ને, સારી રીતે પૂર્ણ કરવામાં આપેલ સાથ અને સહકાર બદલ સર્વેનો આભાર માન્યો હતો.

વિસ્તૃત ચર્ચા વિચારણાને અંતે નીચે પ્રમાણેની ભલામણો કરવામાં આવી:

૧. યુ.જી.સી. મોડેલ કરીક્યુલમની માર્ગદર્શિકા મુજબ વિજ્ઞાન વિદ્યાશાખા અંતર્ગત આવતા વિષયોમાં ચાર ક્રેડિટના કોર્સ હાલમાં અમલમાં છે. તે રીતે અન્ય વિદ્યાશાખાઓ અંતર્ગત આવતા વિષયો માટે પણ ચાર ક્રેડિટના કોર્સ બને તો એકસુત્રતા જળવાઇ રહે અને પરીક્ષાનો સમયગાળો ઘટાડી શકાય.

૨. વિવિધ વિષયોના બોર્ડ ઓફ સ્ટડીઝ દ્વારા વિદ્યાર્થીઓને Most up to date સિલેબસ મળી રહે તે માટે રાજ્યની વિવિધ યુનિવર્સિટીઓ, ભારતની અન્ય યુનિવર્સિટીઓ તથા વિદેશની યુનિવર્સિટીઓના સિલબેસનો અભ્યાસ કરી વખતો વખત સિલેબસમાં ફેરફાર કરવો જરૂરી છે.

૩. સિલેબસમાં એકસરખુ માળખું જળવાઇ રહે તે માટે સિલેબસમાં નીચેના મુદ્દાઓનો સમાવેશ કરવો.

**I. General Course Information.**
**II. Purpose of the Course**
**III. The Learning Environment**
**IV. Credit/classroom session distribution**

**તથા**

તમામ સિલેબસમાં કોર્સ કન્ટેન, ઓબ્જેક્ટીવ અને લર્નિંગ આઉટકમ્સનો સમાવેશ કરવો. જે નીચે દર્શાવ્યા અનુસારનું રહેશે.

**I. Learning Outcomes at the Module, Unit or Week Level**
**II. Elements of Effective Learning Outcomes**
  **1) Measurable**
  **2) Concise**
  **3) Meaningful**
  **4) Achievable**
  **5) Outcome-based**

ઉપરોક્ત બાબતો અંગે યુનિવર્સિટીના તમામ અભ્યાસક્રમોના સિલેબસનું કોમન સ્ટ્રકચર તૈયાર થાય તે માટે યુનિવર્સિટીના IQAC વિભાગ દ્વારા ભારતની પ્રતિષ્ઠિત યુનિવર્સિટીઓના કોર્સ સ્ટ્રકચરનો અભ્યાસ કરી બોર્ડ ઓફ સ્ટડીઝના મેમ્બર માટે એક દિવસીય વર્કશોપનું આયોજન કરવું.

ચાલુ...

૪. ભારત સરકારના તારીખઃ ૨૦ જુલાઇ, ૨૦૧૬ના ગેઝેટમાં નિર્દેશ કર્યા મુજબ દરેક બોર્ડ ઓફ સ્ટડીઝ પોતાના કાર્યક્ષેત્રમાં આવતા તમામ વિષયો માટે કુલ ક્રેડીટના ૨૦% સુધીની ક્રેડીટના SWAYAM-MOOC માંથી પેપર ભણી શકે તે માટે નીચે દર્શાવ્યા મુજબની ભલામણ કરે.

**સૂચિત ભલામણઃ**

ભારત સરકારના ૨૦૧૬ના ગેઝેટમાં SWAYAM-MOOC અભ્યાસક્રમોનો લાભ ભારતની વિવિધ યુનિવર્સિટીના વિદ્યાર્થીઓને મળી શકે તે માટે ૨૦% ક્રેડીટ મર્યાદામાં કોર્સ લઇ શકે તેવી જોગવાઇ છે, તે અનુસંધાને બોર્ડના કાર્યક્ષેત્રમાં આવતા વિવિધ કોર્સમાં ૨૦% ક્રેડિટની મર્યાદામાં વિદ્યાર્થી ઇલેક્ટીવ પેપર પસંદ કરી શકશે. આ માટે દરેક સેમેસ્ટરની શરૂઆતમાં SWAYAM-MOOC પ્લેટફોર્મ પર મુકાયેલ કોર્સની યાદીમાંથી કયો કોર્સ ઇલેક્ટીવ તરીકે આપી શકાય તેની યાદી બોર્ડની પેટા સમિતિ તૈયાર કરશે.

૫. વિદ્યાર્થીઓને આગળના સેમેસ્ટરમાં અભ્યાસ કરવા માટેના હાલના યુનિવર્સિટીના રેગ્યુલેશન R.6.11. Carry forward Criteria માં નીચે મુજબનો સુધારો કરવાથી પરીક્ષાનો સમયગાળો ઘટાડી શકાય.

**Proposed Carry forward Criteria:**

I. **FOR UG: 1st and 2nd semester (all clear) than only student can go to 5th Semester.**

II. **FOR PG : 1st (all clear) than only student can go to 3rd Semester.**
**2nd (all clear) than only student can go to 4th Semester.**

૬. યુનિવર્સિટીની પરીક્ષા માટે પરીક્ષકોની યાદી તૈયાર કરતી વખતે અધ્યાપકની લાયકાત તથા યુનિવર્સિટી સિન્ડિકેટની માન્યતા હોવી જરૂરી છે. વધુમાં પરીક્ષકો/મોડરેટર/કન્વીનરની નિમણૂક કરતી વખતે સિનિયોરીટીનું ધ્યાન રાખવું જરૂરી છે.

૮. બોર્ડ ઓફ સ્ટડીઝ દ્વારા થિસીસના મૂલ્યાંકન માટેની પેનલમાં મૂકવામાં આવતા તજજ્ઞોની લાયકાત તથા સંશોધન અનુભવ વગેરે બાબતોની ચકાસણી કર્યા બાદ જ તજજ્ઞોની યાદી મંજૂર કરવી.

વધુમાં સરદાર પટેલ વિશ્વવિદ્યાલયમાં સંશોધનકાર્ય હેતુ વિદ્યાર્થી તથા ગાઇડ દ્વારા બોર્ડ ઓફ સ્ટડીઝમાં રજૂ કરવામાં આવતી સિનોપ્સિસની ગુણવત્તા જેવીકે; ઇંગ્લીશ લેંગ્વેજ, રિસર્ચ ઓબ્જેક્ટીવ, રિસર્ચ ડિઝાઇન, જરૂરી સ્ટેટેસ્ટીકલ ટેસ્ટ તથા રિસર્ચ ફાઇન્ડીંગ્સ વગેરે વૈશ્વિક કક્ષાની જળવાય તે બાબતની કાળજી લેવાની રહેશે.

ઉપરોક્ત તમામ મુદ્દાઓનો સમાવેશ આગામી સમયમાં મળનાર વિવિધ વિષયોની બોર્ડ ઓફ સ્ટડીઝની સભાઓમાં કરી તેની મંજૂરી અંગેની પ્રક્રિયા હાથ ધરવી.

નંબરઃ ડી/એ-૩/ ૨૮૬૬
વલ્લભ વિદ્યાનગર
તારીખઃ૨૧/૧૦/૨૦૨૦

કાર્યકારી કુલસચિવ

પ્રતિઃ
વિવિધ વિદ્યાશાખાના સર્વે સભ્યશ્રીઓ તરફ.
પરીક્ષા વિભાગ તરફ જાણ સારૂ.
નિયામકશ્રી, કોમ્પ્યુટર સેન્ટર યુનિવર્સિટી વેબસાઇટ (નોટીસ અને સરક્યુલર) પર મૂકવા વિનંતી.